# એનડીએને ચૂંટણીમાં મળનારી બેઠકોની અંતિમ સ્થિતિનો અંદાજ

- અરુણ જેટલી

વિપક્ષી નેતા(રાજ્ય સભા)

વર્ષ 2014ની લોકસભાની ચૂંટણી માટે રાજકીય અનુમાન કરવાની મોસમ જામી છે. પોતે સર્વજ્ઞ હોવાનું માનતા દિલ્હીના વિશ્લેષકો કોઈ 'વાસ્તવિકતા' પર આધારિત દલીલો કરતા નથી, પરંતુ તેમના પોતાના મંતવ્યો રજૂ કરી રહ્યા છે. આકારણી અથવા સર્વેક્ષણકારો સૂચવે તેના પર આધારિત રહેવાને બદલે તેમના મંતવ્યો બદલાય છે. ભાજપે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીની નામ જાહેરાત કરી ત્યાં સુધી એટલે કે 13 સપ્ટેમ્બર, 2013 સુધી તેઓ એવી અટકળો કરતા હતા કે "શું ભાજપ એક વ્યક્તિને પ્રોજેક્ટ કરવાનો પ્રયત્ન કરશે"... વધુમાં, શાસન અને સરકાર વિરોધી લોકજુવાળ ઓછો રહે અને ચૂંટણીમાં ધ્રુવીકરણ જોવા મળશે એવી તેઓની દલીલ હતી. મોદીની રેલીઓમાં જોવા મળેલી અભૂતપૂર્વ જનમેદની નિ:શંકપણે છેલ્લા 25 વર્ષોમાં કદી જોવા મળી ન હોય એટલા સૌથી મોટા પ્રમાણમાં રહી છે. વર્ષ 1989થી પક્ષમાં તમામ સ્તરે આવો ઉત્સાહ ક્યારેય જોવા મળ્યો નથી; તેમાં અપવાદ માત્ર અટલજી વખતની પરિસ્થિતિ હતી. વર્ષ 1998 અને 1999ની બે ચૂંટણી વેળાએ ભારતની રાજકીય ક્ષિતિજે અટલજીને સૌથી સ્વીકાર્ય વડાપ્રધાન પદના ઉમેદવાર માનવામાં આવ્યા. હતા. આ ચર્ચા પછી ગૌણ પ્રશ્ન એવો ઉપસ્થિત કરાયો કે ભાજપને ટેકો ક્યા ક્યા પક્ષો આપશે? શું કોઈ નવા સાથી ભાજપ સાથે જોડાશે? અમારા આંતરિક મૂલ્યાંકન મુજબ ઘણા સાથીપક્ષો મજબૂત ભાજપને ચૂંટણી પહેલા કે પછી સમર્થન આપશે.

સમાચાર ચેનલ એબીપી માટે એક નામાંકિત એજન્સી એસી નિલસન દ્વારા જનમત સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. હું તેની ચોકસાઈ માટે દલીલ કરતો નથી. જો તે સર્વે વિશ્વસનીય હોય તે હું તેને 'સૂચક' સર્વે તરીકે લઉ છું.

આ સર્વેક્ષણ શું જણાવે છે... આગામી મતદાનના સ્પષ્ટ સંદેશ ત્રણ બાબતો પર આધારિત હશે. આગામી ચૂંટણીમાં એક પક્ષ જ એવો હશે કે જે કદાચ 200ના આંકને પાર કરશે. તેના સાથીપક્ષોને પણ કેટલીક બેઠકો મળશે. ભાજપને ભારતના ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભાગોમાં વધુ બેઠકો મળે. પૂર્વ અને દક્ષિણ

માં સ્થિત બિહાર અને કર્ણાટક જેવા રાજ્યોમાં, તેની સ્થિતિમાં સુધારો થાય. કેટલાક અન્ય રાજ્યોમાં ભાજપ બેલેન્સર બની રહે. પરંપરાગત રીતે ભાજપનું વર્ચસ્વ ન ધરાવતા રાજ્યોમાં મોદીની જાહેરભાઓને મળેલો પ્રતિસાદ જોતાં ભાજપને સાથીપક્ષો લાભ કરી શકે છે.

સરકાર રચવા માટે ઘણા પક્ષો ઉત્સુક છે. તેઓમાં સ્પષ્ટપણે ભાજપની આગેવાની ધરાવતા એનડીએ અગ્રેસર છે. કોંગ્રેસની બેઠકોમાં બે આંકડાના આંકડો ઘટાડો થાય અને તે સ્પષ્ટપણે બેઠકો ગુમાવનાર બને. ત્રીજા મોરચામાં ઘણા દાવેદારો છે. એક કરતાં વધુ રાજ્યમાં હાજરી સાથે મોટા દાવેદાર ભાગ્યે જ છે. દેખીતી રીતે, ચૂંટણી ચક્રવ્યૂહનો પ્રથમ કોઠો ભેદવા માટે ભાજપની ક્ષમતા નોંધપાત્ર છે. હવે પ્રશ્ન એ છે કે - કેવી રીતે ભાજપના નેતૃત્વમાં એનડીએ સત્તા હાંસલ કરવા ભણી આગેકૂચ કરશે?

આ સૈદ્ધાંતિક ગણતરીનો સમય છે. રાજકીય પંડિતો તેઓને ખુલ્લા પાડશે. એક મૂળભૂત વાસ્તવિકતા એ છે કે મોદીની રેલીઓમાં ઉમટતી જનમેદની લોકલાગણીનો એક સ્પષ્ટ સંદેશ આપે છે કે સ્કોરમાં મોખરે કોણ રહેશે. આખરે સર્વેક્ષણકારો કહે છે તેના કરતા ભાજપને મળનારી બેઠકો ઘણી વધારે હશે. કેટલાક રાજ્યોમાં નાના જૂથો ભાજપને ટેકો આપશે. ભાજપ અને સાથીપક્ષોના સામૂહિક મતોનો ઉમેરો થશે. પરંપરાગત રીતે જે રાજ્યોએ બિન-કોંગ્રેસી રાજકારણ અપનાવ્યું છે, ત્યાં મોટા જૂથો છે. કોંગ્રેસ સાથે સમજૂતિની પસંદગીનો લાંબા ગાળાનો વિકલ્પ નથી. તે જૂથોએ સ્પષ્ટ પસંદગી કરી લીધી છે. તેઓ કાં તો એનડીએ સાથે આવશે અથવા દિલ્હીમાં કોંગ્રેસના વિકલ્પને અનુસરશે. આ જૂથોમાંથી મોટાભાગના પક્ષો માટે મર્યાદિત વિકલ્પ છે. મોદીની રેટિંગ 50% કરતાં વધુ છે, તો ચોક્કસ દરેક રાજ્યમાં તેની અસર થશે. છેલ્લા આંકડા આખરે તે બાબતની કાળજી લે તો નવાઈ નહીં.